**મે. અમદાવાદ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, મુ. અમદાવાદ.**

**ક્રિમીનલ કેસ નંબર :– ૭૦૩૯૮/૨૦૨૩.**

**ફરીયાદી** : **ડો. તલ્લીકાબેન એલ. પટેલ**

**વિ રૂ ઘ્ધ**

**આરોપીઓ** : **મે. કલર વેવ ઈન્ડસ્ટ્રીઝ વિગેરે.**

**ગુનો:– પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ તથા ઈ.આઈ.એ. નોટીફીકેશન ૨૦૦૬ ના ભંગ બદલ કલમ ૧૫,૧૬ તથા ૧૯ મુજબ.**

**ઠ રા વ.**

(૧). ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ એક સ્વાયત બોર્ડ છે કે જેની મુખ્ય કચેરી ગાંધીનગર ખાતે આવેલી છે.જેને હવે પછી અત્રે બોર્ડ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકારના નોટીફીકેશન નં.એસ.ઓ., ૩૯૪(ઈ) તારીખ ૧૬/૪/૮૭ મુજબ પ્રાદેશિક અધિકારીને ફરીયાદ કરવાની સત્તા આપવામાં આવેલી છે. આરોપી નં.૧ એ ભાગીદારી પેઢી છે અને આરોપી નં.૨ થી ૪ ના તેના ભાગીદારો છે, જેઓ આરોપી નં.૧ પેઢીના સંચાલન માટે જાતે જવાબદાર છે. આરોપી નં.૧ પેઢીના સરનામે કેમીકલ બ્લેન્ડીંગ અને મીકસીંગ તથા સ્પ્રે ડ્રાયીંગ ઓફ લીકવીટ એસ.ઓ.ડાઈઝ (૨૦% સાંદ્રતા) બનાવવા માટે બોર્ડની કોન્સોલીડેટેડ કન્સેન્ટ એન્ડ ઓર્થોરાઈઝેશન (સીસીએ) મેળવેલ છે, જે પ્રકિત્રયા માટે ઉધોગ ઘ્વારા ફકત પ્લોટ નં.૫ ગુરૂકૃપા એસ્ટેટ, મોની હોટલ પાસે, નારોલ– ઈસનપુર રોડ, વટવા માટે મંજુરી મેળવેલ છે જયારે સદર ઉધોગ ઘ્વારા પ્લોટ નં.૬ ઉપર પણ બોર્ડની મંજુરી વિના પ્લાન્ટ મશીનરી સ્થાપિત કરી ઉત્પાદન ચાલુ કરેલ જે આરોપી નં.૧ ની સ્થળ મુલાકાત લેતાં ઘ્યાને આવેલ. મીનીસ્ટ્રી ઓફ એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટના

---

તા.૧૪ સપ્ટેમ્બર ૨૦૦૬ ના નોટીફીકેશન શીડયુલ–૫ એફ મુજબ કેમીકલ ઉત્પાદન કરતી સંસ્થા–કંપનીએ એન્વાયરમેન્ટ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવવું ફરજીયાત છે પરંતુ મંજુરી વિના કેમીકલ/ડાઈઝનું ઉત્પાદન પ્લોટ નં.૬ ઉપર પણ ચાલુ કરેલ હોય કલમ ૧૫ અને ૧૯ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરેલ હોય તેઓ સામે પગલાં લેવા હાલની ફરીયાદ કરેલી છે.

(૨). આ કામના આરોપીઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ ની જોગવાઈ અન્વયે કેસની નકલો આપી દીધેલી છે અને તેઓને ગુના અંગે પુછતાં તેઓ આજરોજ તેમની સામેનો ગુનો આંક ૧ માં જણાવ્યા મુજબનો કબુલ રાખે છે અને તે અંગે લેખિત પુરસીસ પણ આપેલ છે. જેથી આરોપીઓની કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાય છે.

(૩). આરોપીઓ તરફે કબુલાત પુરસીસ આપી રજુઆત કરેલી છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, તેઓ મધ્યમ વર્ગના માણસ છે અને અજાણતા ગુનો થઈ ગયેલ છે, હવે પછી આવો કોઈપણ પ્રકારનો ગુનો ન કરવાની ખાત્રી આપે છે. આમ આરોપીઓ તરફે હાલની કબુલાત પુરસીસ આપતા તે પુરસીસ રેકર્ડ કરતાં આરોપીઓએ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ હોવાનું જણાવેલ હોય,આરોપીઓની કબુલાત સ્વૈચ્છિક હોય તે નહિ માનવાને કોઈ કારણ નથી.

(૪). આ કામે પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી. આ કામની ફરીયાદની હકીકતો અને આરોપીઓની કબુલાત પુરસીસ ઘ્યાને રાખતા અને તેમના તરફે કરેલ રજુઆતોને ઘ્યાને લેતાં તેઓનો આ પ્રથમ ગુનો છે, તેઓ મધ્યમ વર્ગના માણસ છે અને અજાણતા ગુનો થઈ ગયેલ છે, હવે પછી આવા પ્રકારનો ગુનો ન કરવાની ખાત્રી આપતા હોય તેવા તમામ સંજોગોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ન્યાયમુર્તિ શ્રી જે.એન.ભટ્ટ સાહેબશ્રીનો ચુકાદો State of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 લક્ષમાં રાખી આરોપીઓ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોય તેઓને મહત્તમ સજા નહિ કરતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે તો ન્યાયોચિત ગણાશે તેમ મારૂં માનવું છે. જેથી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

---

## ::: હુ ક મ :::

આ કામના આરોપીઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૪૧ મુજબ પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ તથા ઈ.આઈ.એ.નોટીફીકેશન ૨૦૦૬ ના ભંગ બદલ સદર કાયદાની કલમ ૧૫ મુજબ દરેક આરોપીને **રૂા.૨૦,૦૦૦/– (અંકેરૂપિયા વીસ હજાર પુરા) દંડ** તથા આરોપી નં.૨ થી ૪ નાઓને કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસૂર કરે તો આરોપીને દિન–૧૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી નં.૧ નો દંડ આરોપી નં.૨ નાએ ભરવાનો રહેશે.

આરોપીઓએ કુલ **રૂા.૮૦,૦૦૦/–(અંકેરૂપિયા એંશી હજાર પુરા)** દંડ ભરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૯/૦૯/૨૦૨૩.

**(એચ. એસ. દવે )**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ.
કોડ નં. જીજે૦૦૬૯૩.